# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-04-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

**આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.**

****************************************************

1) વક્ફ સુધારા અધિનિયમ 2025ને પડકારતી અરજીઓની સુનાવણીમાં સર્વોચ્ચ અદાલતે કોઈ વચગાળાનો આદેશ આપ્યો નથી.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફિનલેન્ડના રાષ્ટ્રપતિ સાથે ટેલિફોન પર યુક્રેનની પરિસ્થિતિ સહિત પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી.

3) દેશની નિકાસમાં વર્ષ 2024-25 દરમિયાન 5.5 ટકાનો વધારો થયો.

4) અમેરિકાએ ચીનથી આયાત થતી વસ્તુઓ પર 245 ટકા સુધીના નવા જવાબી ટેરિફની જાહેરાત કરી.

5) કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગુજરાતમાં જિલ્લા પ્રમુખોને જવાબદારી આપી તેમના હાથ વધુ મજબૂત કરવા અનુરોધ કર્યો.

6) I.P.L. ક્રિકેટમાં દિલ્હી કેપીટલ્સ સામે રાજસ્થાન રોયલ્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરી.

.....................................................................

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV SC WAQF LAW

વક્ફ સુધારા અધિનિયમ 2025ને પડકારતી અરજીઓની સુનાવણી કરતી વખતે સર્વોચ્ચ અદાલતે આજે કોઈ વચગાળાનો આદેશ આપ્યો નથી. કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલત દ્વારા ઉઠાવવામાં આવેલા ત્રણ મુદ્દાઓ પર પોતાની દલીલો તૈયાર કરવા માટે વધુ સમય માંગ્યો હતો. હવે સર્વોચ્ચ અદાલત આવતીકાલે આ કેસની સુનાવણી કરશે.

મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજય કુમાર અને કે. ન્યાયાધીશ વી. વિશ્વનાથનની ખંડપીઠે કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાને પૂછ્યું કે, ઘણા લોકો પાસે આવા વકફની નોંધણી કરાવવા માટે જરૂરી દસ્તાવેજો ન હોય તો પણ, વપરાશકર્તા દ્વારા વકફને કેવી રીતે નકારી શકાય છે.

ખંડપીઠે ત્રણ મુખ્ય મુદ્દાઓ ઉઠાવ્યા. અદાલતે કહ્યું કે જ્યાં સુધી કાયદાની સુનાવણી ન થાય ત્યાં સુધી, કોઈ પણ પ્રકારે વકફ તરીકે જાહેર કરાયેલી મિલકતોને રદ ન કરવી જોઈએ.

. . . . . . . . . . . . . . .

# MODI- FINLAND PRESIDENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ફિનલેન્ડના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર સ્ટબ સાથે ટેલિફોન પર વાતચીત કરી. બંને નેતાઓએ યુક્રેનની પરિસ્થિતિ સહિત પરસ્પર પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી. ડિજિટલાઇઝેશન, ટકાઉપણું અને ગતિશીલતાના ક્ષેત્રો સહિત બંને દેશો વચ્ચે ચાલી રહેલા સહયોગની પણ સમીક્ષા કરવામાં આવી હતી. બંને નેતાઓએ ક્વોન્ટમ, 5G-6G, કૃત્રિમ બુદ્ધિમત્તા અને સાયબર-સુરક્ષા સહિતના ક્ષેત્રોમાં ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. પ્રધાનમંત્રીએ કહ્યું કે ફિનલેન્ડ યુરોપિયન સંઘમાં એક મહત્વપૂર્ણ ભાગીદાર દેશ છે.

ફિનલેન્ડના રાષ્ટ્રપતિએ ભારત-યુરોપીયન સંઘનાં ઘનિષ્ટ સંબંધો પરસ્પર ફાયદાકારક મુક્ત વેપાર કરારને વહેલામાં વહેલી તકે અંતિમ સ્વરૂપ આપવા માટે તેમના દેશનો ટેકો પણ વ્યક્ત કર્યો.

. . . . . . . . . . . . . . . .

# COUNTRY'S EXPORTS GROW

દેશની નિકાસમાં વર્ષ 2024-25 દરમિયાન 5.5 ટકાનો વધારો થયો છે. વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતા હોવા છતાં, ભારતની કુલ માલ અને સેવાઓની નિકાસ 820.93 અબજ ડોલરના વિક્રમી સ્તરે પહોંચી છે, જે પાછલા નાણાકીય વર્ષમાં 778.13 અબજ ડોલર હતી.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા બહાર પાડેલા સંકલિત આંકડા મુજબ, દેશની કુલ નિકાસ 820.93 અબજ ડોલર જ્યારે કુલ આયાત 915.19 અબજ ડોલર હોવાનો અંદાજ છે. એક માહિતી અનુસાર, આ વર્ષે માર્ચમાં ભારતની વેપાર ખાધ વધીને 21.54 અબજ ડોલર થઈ છે.

. . . . . . . . . . . . . . .

# ED – ROBET-VADRA

હરિયાણામાં જમીન સોદા સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસની તપાસમાં પ્રવર્તન નિદેશાલય-ED એ આજે સતત બીજા દિવસે કોંગ્રેસના વરિષ્ઠ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાના પતિ રોબર્ટ વાડ્રાની પૂછપરછ કરી રહ્યું છે. નવી દિલ્હી સ્થિત ED કાર્યાલયમાં તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ કેસ શ્રી વાડ્રાની કંપની દ્વારા ગુરુગ્રામમાં જમીન ખરીદવા સાથે સંબંધિત છે. અગાઉ, ગઈકાલે એજન્સી દ્વારા શ્રી વાડ્રાની પણ પૂછપરછ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . .

# ASHWINI - CONGRESS

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસ પર નિમ્ન કક્ષાનું રાજકારણ કરવાનો આરોપ લગાવ્યો છે. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ પ્રવર્તન નિદેશાલય-EDએ દાખલ કરેલ આરોપનામાં બાદ ઋષિકેશમાં કોંગ્રેસના વિરોધ પ્રદર્શન અંગે શ્રી વૈષ્ણવે કહ્યું કે આ કોઈ રાજકીય મુદ્દો નથી પરંતુ ભ્રષ્ટાચારનો મામલો છે.

(બાઈટ --- અશ્વિની વૈષ્ણવ)

. . . . . . . . . . . . . . .

# BJP - CONGRESS

ભારતીય જનતા પાર્ટીએ આજે નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસ પર પ્રહાર કર્યા હતા. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા, પાર્ટીના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ કોંગ્રેસના દાવાને ફગાવી કહ્યું કે આ કેસ પ્રવર્તન નિદેશાલય-EDનાં કાર્યક્ષેત્રની બહાર છે. શ્રી ત્રિવેદીએ જણાવ્યું હતું કે 2013માં જ્યારે યુપીએ સત્તામાં હતું ત્યારે દિલ્હી વડી અદાલતના આદેશ બાદ આ કેસની તપાસ કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે નેશનલ હેરાલ્ડ કેસ ભારતીય ઇતિહાસનો એક અનોખો કિસ્સો છે કારણ કે હજારો કરોડ રૂપિયાની કંપની માત્ર 90 કરોડ રૂપિયામાં ખરીદવામાં આવી હતી.

(બાઇટ : સુધાંશુ ત્રિવેદી )

ભાજપના પ્રવક્તાએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની ટીકા કરતા કહ્યું કે તેમની સરકાર નવા વક્ફ સુધારા કાયદાને લાગુ કરશે નહીં, જે દર્શાવે છે કે શ્રીમતી બેનર્જીને બંધારણ પ્રત્યે કોઈ સન્માન નથી.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# CHIEF JUSTICE - GAVAI

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાએ આગામી મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે બી.આર. ગવઈના નામની ભલામણ કરી છે. ન્યાયમૂર્તિ ગવઈ સર્વોચ્ચ અદાલતનાં બીજા સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ છે અને તેમના નામની ભલામણ કેન્દ્રીય કાયદા મંત્રાલયને કરવામાં આવી છે. વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાનો કાર્યકાળ 13 મેના રોજ પૂર્ણ થશે.

. . . . . . . . . . . . . . . .

# NCW - MURSIDABAD

રાષ્ટ્રીય મહિલા આયોગ-NCW એ પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં થયેલી હિંસાની તપાસ માટે એક તપાસ સમિતિની રચના કરી છે. NCW ના અધ્યક્ષ વિજયા રાહટકરના નેતૃત્વમાં ચાર સભ્યોની સમિતિ મુર્શિદાબાદમાં હિંસાગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે અને સ્થાનિક પીડિતો, તેમના પરિવારો સાથે વાતચીત કરશે અને જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષકને પણ મળશે.

મુર્શિદાબાદમાં થયેલી હિંસાથી વિસ્થાપિત થયેલી અસરગ્રસ્ત મહિલાઓ અને પરિવારોને મળવા માટે સમિતિ માલદા જિલ્લાની મુલાકાત લેશે.

મુર્શિદાબાદ જિલ્લાના મંદિરપારા વિસ્તારમાં કોમી અશાંતિ દરમિયાન અનેક મહિલાઓની છેડતીના અહેવાલો પર કમિશને નોંધ લીધી છે. રાષ્ટ્રીય મહિલા આયોગે કહ્યું કે આ મહિલાઓને તેમના ઘરમાંથી કાઢી મૂકવામાં આવી છે અને તેઓ ભય અને અનિશ્ચિતતામાં જીવી રહી છે.

. . . . . . . . . . . . . . . .

# US - TARRIF

અમેરિકાએ ચીનથી આયાત થતી વસ્તુઓ પર 245 ટકા સુધીના નવા જવાબી ટેરિફની જાહેરાત કરી છે. આના કારણે બંને દેશો વચ્ચે વેપાર સંઘર્ષ વધ્યો છે.

વ્હાઇટ હાઉસે એક નિવેદનમાં કહ્યું કે રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. આ નિવેદનમાં ચીન દ્વારા લેવામાં આવેલા પગલાંનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

દુર્લભ પૃથ્વી ધાતુઓ અને ચુંબક સહિત મહત્વપૂર્ણ હાઇ-ટેક સામગ્રીના નિકાસ પર પ્રતિબંધ મૂકવાના ચીનના નિર્ણયથી ઓટોમોટિવ, એરોસ્પેસ, સેમિકન્ડક્ટર અને સંરક્ષણ જેવા અમેરીકી ક્ષેત્રો પર જેની અસર પડશે.

દરમિયાન, ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને કહ્યું છે કે ટેરિફ યુદ્ધ અમેરિકા દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું

. . . . . . . . . . . . . . .

# RAHUL GANDHI GUJARAT

લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ આજે અરવલ્લી જિલ્લાના મોડાસામાં જિલ્લા કાર્યકર્તા સંમેલનમાં સંબોધન કર્યું અને જિલ્લા સંગઠનને મજબૂત બનાવવા માટે સ્થાનિક નેતાઓને જવાબદારી આપવા પર ભાર મૂક્યો.

શ્રી ગાંધીએ કહ્યું કે ગુજરાતે કોંગ્રેસને ગાંધીજી, સરદાર પટેલ જેવા સૌથી મોટા નેતા આપ્યા હતા.

(બાઇટ: રાહુલ ગાંધી)

અગાઉ, શ્રી ગાંધીએ મોડાસા ખાતેથી સંગઠન સર્જન અભિયાનનો આરંભ કરાવ્યો. તેમણે મોડાસા અતિથિ ગૃહ ખાતે વરિષ્ઠ આગેવાનો સાથે બેઠક યોજી હતી. તેમણે મોડાસા બાયપાસ માર્ગ પર આવેલા B.A.P.S. સ્વામિનારાયણ મંદિર સભાખંડ ખાતે જિલ્લાના એક હજાર 200 બૂથ કાર્યકર્તાઓ સાથે સીધો સંવાદ કર્યો હતો.

. . . . . . . . . . . . .

# IPL T20 CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં મેચમાં દિલ્હી કેપીટલ્સ સામે રાજસ્થાન રોયલ્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરી.

દિલ્હીના અરૂણ જેટલી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી મેચમાં છેલ્લાં અહેવાલ પ્રમાણે દિલ્હી કેપીટલ્સે 5.3 ઓવરમાં 2 વિકેટે 43 રન કર્યા છે.

પૉઈન્ટ ટેબલમાં દિલ્હી બીજા અને રાજસ્થાન આઠમા સ્થાને છે. દિલ્હીની ટીમ અક્ષર પટેલ અને રાજસ્થાનની ટીમ સંજુ સેમસનના સુકાની હેઠળ રમી રહી છે.

. . . . . . . . . . . . . . . .

# MANDVIA - IMEC

શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ દેશમાં કૌશલ્ય તાલીમ મંચ સ્થાપવા માટે હાંકલ કરી હતી. જેનાથી વિશ્વની કુશળ માનવશક્તિની જરૂરિયાતો પૂરી કરવામાં મદદ મળશે. ડૉ. માંડવિયાએ આજે નવી દિલ્હીમાં ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર સંમેલન 2025 ને સંબોધન કરતાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે ભારત આ કોરિડોરને કુશળ માનવશક્તિ પૂરી પાડીને તેના યુવા વસ્તી વિષયક લાભાંશનો મહત્તમ ઉપયોગ કરી શકે છે. તેમણે કહ્યું કે ભાગ લેનારા દેશો ભારતીય યુનિવર્સિટીઓમાં તાલીમ અભ્યાસક્રમો શરૂ કરી શકે છે અને પરસ્પર કૌશલ્ય પ્રમાણપત્ર પ્રદાન કરી શકે છે.

ડૉ. માંડવિયાએ ભારત અને આ આર્થિક કોરિડોરના દેશો વચ્ચે વ્યાપક જોડાણ દ્વારા ભૂ-રાજકીય ફેરફારો પર વિચાર-વિમર્શ કરવાનો આગ્રહ કર્યો. આ પરિષદ આર્થિક સહયોગ, વારસો અને સાંસ્કૃતિક વિકાસ માટે પણ તકો પૂરી પાડે છે.

. . . . . . . . . . . . . . .

# PONDUCHERRY

કેન્દ્રીય મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી રાજ્યમંત્રી જ્યોર્જ કુરિયને જણાવ્યું છે કે રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન સરકારના કાર્યકાળ દરમિયાન છેલ્લા દસ વર્ષમાં દેશમાં માછલી ઉત્પાદન 95 લાખ ટનથી વધીને 184 લાખ ટન થયું છે. શ્રી કુરિયને આજે પુડુચેરીમાં પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ અનેક પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું.

શ્રી કુરિયને જણાવ્યું હતું કે આ યોજના હેઠળ, પુડુચેરીમાં 2 હજાર 300 માછીમારી બોટમાં ટ્રાન્સપોન્ડર લગાવવામાં આવશે. આ ટ્રાન્સપોન્ડર માછીમારોને તેમના પરિવારો સાથે વાતચીત કરવા, કટોકટીની તબીબી સહાય મેળવવા, આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમાઓ પાર કરતી વખતે ચેતવણીઓ પ્રાપ્ત કરવા અને માછલીની ઉપલબ્ધતા વિશે વાસ્તવિક સમયની માહિતી મેળવવામાં મદદ કરશે.

શ્રી કુરિયને જણાવ્યું હતું કે માછીમારો હવે કિસાન ક્રેડિટ કાર્ડ યોજના હેઠળ 5 લાખ રૂપિયા સુધીની લોન મેળવી શકે છે.

. . . . . . . . . . . . . . .